Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैन धर्म प्रकाश.

# JAINA DHARMA PRAKASH.

દોહરો.

આત્મપયોગી વિષયથી, પામી પૂર્ણ વિકાશ;
જૈન ધર્મ ઉજવાળવા, પ્રગટ્યું જૈનપ્રકાશ.

પુસ્તક ૨ જું. શાક ૧૮૦૭ કાર્તિક શુદિ. ૧૫ સંવત. ૧૯૪૨ અંક ૯ મો.


## श्री जैन धर्मो जयति.

## सत्त्व.

(અમર પુત્ર ચરિત્ર.)

સાંધણ પાને ૧૧૨ થી.

પ્રથમ નારકીની સમીપે પહોંચ્યા અને નર્કના જીવોને અત્યંત દુઃસહ વેદના સહન કરતા જોયા એટલે ઇંદ્રે કુંવરને કહ્યું. "પુત્ર! આ પ્રથમ નર્ક છે અને તેની નીચે અનુક્રમે એક પછી એક એમ સાત નારકી છે. તે સાત નર્કને વિષે જેટલું આયુષ્ય બાંધીને જીવ જાય તે પુરૂં થતાં સુધી તે જીવો અનેક તરેહની વેદના વેદે છે. આંખ મીંચી ઉઘાડીએ એટલો વખત પણ નારકીના જીવોને સુખ નથી કિંતુ એકાંત દુઃખદ માંજ રહીને વેદે છે. તે નારકીઓને એક ક્ષેત્ર વેદના, બીજી અન્યોન્યકૃત વેદના અને ત્રીજી પરમાધામી કૃત વેદના એટલે મુખ્ય ત્રણ પ્રકારની વેદના છે.૧

અમરકુમાર—સ્વામિન્ એ સાતે નારકીને વિષે ક્ષેત્રવેદના કેવી હોય છે?

૧ આંખો [illegible].

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યંતરે—વત્સ! એક રત્નપ્રભા, બીજી શર્કરા અને ત્રીજી વાલુકા એના નારકી શીત યોની આછે અને યોની સ્થાન વિના બીજી જે નરક ભૂમિકા છે તે ઉષ્ણ છે તેથી નારકી શીત યોની આછે તે ઉષ્ણ વેદના વેદેછે. ત્યાં જેવા અગ્નિવર્ણ ખેરના અંગારા તે કરતાં પણ નરકભૂમિકા અત્યંત ઉષ્ણ જાણવી. ચોથી પંકપ્રભા નર્ક ઉપરના ઘણા નરકાવાસા તો ઉષ્ણ છે અને નીચેના થોડા નરકાવાસા શીતછે. ધૂમાને વિષે નરકાવાસા શીતળ ઘણા છે અને ઉષ્ણ થોડા છે અને છઠી ને સાતમી નારકીએ તો ભૂમિકા એકાંત શીતળ છે અને નારકી એકાંત ઉષ્ણ યોનીઆ છે. પરંતુ નીચે નીચે નરકે અનંત ગુણ, તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ છે. તે નરકોની ઉષ્ણ વેદના અને શીતવેદનાનું સ્વરૂપ આગમ વેદીઓએ એવું કહ્યુંછે કે ગ્રીષ્મઋતુના અંતે મધ્યાન્હ સમયે સૂર્ય પ્રાપ્ત થયો છતાં અને આકાશ મેઘ રહીત છતાં અત્યંત દુષ્ટ પીત પ્રકોપે કરી વ્યાકુળ અને છત્ર રહીત ચારે દિશાએ પ્રદીપ્ત થયેલી અગ્નિજ્વાળાએ કરીને વ્યાપ્ત એવા કોઈ પુરૂષને જેવી ઉષ્ણ વેદના હોય તે કરતાં પણ નરકાવાસાને વિષે રહેલા નારકીને અનંતગુણી ઉષ્ણ વેદના જાણવી, અને શીતયોનીઆ નારકીને ઉષ્ણવેદન નરકાવાસાથી લઈ ખેરના અંગારા માંહી નાંખીને ધમે તેવારે તે નારકી ચંદન જેવી શીતળતા પામી અત્યંત સુખી થયા છતાં તે અગ્નિ માંહે નિદ્રા પામે. વળી પોષ તથા માઘ મહીનામાં રાત્રીને સમયે શીતળ વાયુના યોગથી જેમ હૃદયાદિક કંપે તથા હિમાચળ માંહી વસ્ત્ર રહીત બેઠા છતાં ઊપરથી હિમ પડતા જેવી શીત વેદના હોય તેથી અનંતગુણી શીત વેદના નરકાવાસામાં રહેલા જીવોને છે. તે શીત વેદના યુક્ત નરકમાંથી તે નારકીને બાહાર કાઢી પૂર્વોકત હિમાચળાદિક શીતળ સ્થળે જો સ્થાપન કરીએ તો તે નિરૂપમ સુખી થયા છતાં નિદ્રા પ્રત્યે પામે.

વળી આ નરકોને વિષે ક્ષેત્ર સ્વભાવથકી દશ પ્રકારના પુદ્ગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળનો પરિણામ દુઃખદાયક છે. પ્રતિ ક્ષણે જેજે આહારાદિક નાના પ્રકારના પુદ્ગળનું બંધન તે પ્રદીપ્ત થયેલા અગ્નિ કરતાં પણ અત્યંત દારૂણ હોય. બીજી ગતિ ઊંટ સરખી હોય, તે ગતિ તપ્ત લોહ સરખી ધરતી ઊપર પગ ધારણ કરવા કરતા પણ અત્યંત તીવ્રછે. ત્રીજું સંસ્થાન અત્યંત તીવ્રતીવ્ર હુંડક નામે છે તે પાંખ છેદન થયેલો પક્ષી જેવો દુઃખી હોય તેવું દુઃખદાયક છે; વળી દેખવાથી પણ મહા ઉદ્વેગકારી છે. ચોથું ભીંત પ્રમુખના પુદ્ગળ જે ઊડીને શરીરે લાગેછે તે ખડગ ધારા સરખા છે. પાંચમું તે નરકાવાસાનો વર્ણ સર્વત્ર અંધકારમય, વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, ગળ, લોહી, વસા, પરૂ અને મેદે કરીને સહીત, તથા સ્મશાનની પેરે સ્થાનકે સ્થાનકે માંસ, કેસ, હાડ, નખ, દાંત અને ચર્મ કરીને યુકત એવોછે. છઠો ગંધ શ્વાન, શિયાળ, સર્પ, માંજાર, અને નોળીઆ પ્રમુખના મૃત કલેવર પડયા હોય તેના ગંધ કરતા પણ અત્યંત દુર્ગંધી છે. સાતમો રસ તે કડવી તુંબડી કરતા પણ અત્યંત કટુછે. આઠમો સ્પર્શ તે વીંછીના કાંટાથી અને કૌંચના રોમથી પણ કનિષ્ટ છે. નવમો અગુરૂલઘુ પરિણામ તે પણ અત્યંત દુઃખનુંજ ઘરછે. દશમો શબ્દ તે અત્યંત વિલાપાક્રંદ દુઃખકારી શબ્દના પુદ્ગળ છે. એ પ્રમાણે નારકીને સારૂં કરતા પણ તેના પાપોદયથી માઠી રીતે પુદ્ગળ પરિણમે છે. જેમ વૈમાનિક દેવતાના સુકોમળ હસ્ત સ્પર્શથી પણ નારકીના જીવો દુઃખ પામેછે.

આ પ્રમાણે દશ પ્રકારની વેદના શિવાય બીજી રીતે પણ આ નારકી જીવોને દશ પ્રકારની વેદના છે જેમાં શીત વેદના અને ઉષ્ણ વેદના એ બે પૂર્વે કહીછે. ત્રીજી ક્ષુધા વેદના તે સમસ્ત અઢીદ્વિપના અન્ન તથા ઘૃત આપીએ તો પણ નારકીના એક જીવની ક્ષુધા મટે નહી. ચોથી તૃષા વેદના તે સમસ્ત સમુદ્ર અને નદીના જળનું પાન કરાવીએ તો પણ એક નારકીનો કંઠ તાળુ અને ઓષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુકાતાં રહે નહીં, એવી તેની તૃષા છે. પાંચમી કંડુહી તે છરી અને કરવતે કરી ખણતા પણ તેની ખસની ખંજવાળ મટે નહી. છઠી નારકીના જીવ સદા પરવશ રહે. સાતમી વેદના તે મનુષ્ય લોકના મનુષ્ય કરતા અનંત ગુણે જ્વર નારકીના જીવોને નિરંતર હોય. આઠમી દાહવેદના તે શરીર તાપમય અને દાહજ્વરમય હોય. નવમી ભયવેદના અને દશમી શોક વેદના તે મનુષ્ય કરતા ભય અને શોક અનંતગુણા હોય. તેઓને વિભંગ જ્ઞાન પણ સર્વથા દુઃખદાયી છે. વળી પરમાધામી દેવતાઓ અનેક પ્રકારના ભાલા, તરવાર, તીર પ્રમુખ શસ્ત્રો દેખાડીને મહા દુઃખ દેનારા છે એવું જણાયાથી નારકીના જીવો નિરંતર ભય અને શોકે કરીને વ્યાપ્ત રહેછે. આ પ્રમાણે દરેક નારકીને વિષે ક્ષેત્ર વેદના છે.

અજાપુત્ર—બીજી અન્યોઅન્ય કૃત વેદના શી રીતે છે?

વ્યંતરેંદ્ર—નારકીના બે ભેદ છે. એક મિથ્યા દ્રષ્ટી અને બીજા સમ્યક્ દ્રષ્ટી તેમાં જેમ ભીલ તથા વણઝારા પ્રમુખનો કુત્તો બીજા કુત્રાને દેખી ક્રોધાન્ધ થઇને લડવા આવે અને દાંત તથા નખે કરી યુદ્ધ કરે તેમ જે મિથ્યાત્વી નારકી હોય તે વિભંગ જ્ઞાને કરી બીજા નારકીને દુરથી આવતો દેખી ક્રોધે કરી અત્યંત રૌદ્ર એવું નવું વૈક્રીય[૧] રૂપ કરે. અને પોતપોતાના નરકાવાસાને વિષે પૃથ્વીના સ્વભાવ ઉત્પન્ન હથીઆર અથવા નવા વિકુરવેલા ત્રિશુળ અને ભાલા વિગેરે શસ્ત્ર તેમજ હાથ પગ દાંત અને નખે કરીને માંહોમાંહે પ્રહાર કરે. તે પ્રહારે કરીને પીડા પામેલા એવા તે નારકીઓ રક્તાદિક કર્દમમાં આલોટતા આક્રંદ શબ્દ કરે. અને જે સમ્યકદ્રષ્ટી નારકી હોય તે પોતાના પૂર્વ ભવ કૃત પાપને સ્મરણ કરી બીજા થકી ઉત્પન્ન થયેલું દુઃખ સમ્યક્ પ્રકારે સહન કરે પણ બીજાને પીડાઉપજાવે નહીં. અન્યોઅન્ય કૃત વેદનાનું સ્વરૂપ એ પ્રમાણે સિદ્ધાંતમાં કહ્યું છે

૧ નારકીના જીવોનું વૈક્રીય શરિર પોતાના શરિરની અવગાહનાથી બમણું થાયછે અને તેની સ્થિતિ અંતર્મુહૂર્તની કહીછે. (દંડક પ્રકરણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજાપુત્ર—ત્રીજી પરમાધામી કૃત વેદનાનું સ્વરૂપ કેવી રીતે છે?

વ્યંતરેંદ્ર—પુત્ર! આ ત્રીજા પ્રકારની વેદના અત્યંત દુઃસહ છે. આ નર્કના નરકાવાસાની ભીંતોને વિષે જે નિઃકુટ આલા (ગોખલા) છે તે નારકીને ઉપજવાની યોની છે. ત્યાં નારકી ઊપન્યા પછી અંતર્મુહૂર્ત્ત આલો નાનો અને શરીર મોટું તેથી તેમાં સમાય નહી એટલે નીચે પડે છે. અને જેવો નીચે પડે છે કે તરત પરમાધામી ત્યાં આવીને તેને પૂર્વ કૃત પાપકર્મને અનુસારે કર્મોપચારીને દુઃખ આપે છે. તપ્ત તરૂં (સીસું) પાય છે, અગ્નિમય લોહની પુતળીનું આલિંગન કરાવે છે, કુટ શીમલાના વૃક્ષ ઊપર બેસારે છે, લોહાના ઘણે કરી ઘાત કરે છે, વાંસલાએ કરી છેદે છે, ક્ષત ઊપર ખાર આપે છે, ઊનાં તેલ માંહી તળે છે, કુંત અને ભાલામાં શરીર પરોવે છે, ભઠ્ઠી માંહી સેકે છે, ઘાણી માંહી પીલે છે, કરવતે કરી વહેરે છે, કાક, ઘુઅડ, કુત્રા અને સિંહ પ્રમુખને વિકુરવી કદર્થના કરાવે છે, વૈતરણી નદીમાં ઝબોળે છે, અસિપત્ર વન માંહી પ્રવેશ કરાવે છે, તપ્ત વેળુ માંહી દોડાવે છે, અને એવી બીજી વિવિધ પ્રકારની વેદના ઊત્પન્ન કરીને નારકીને દુઃખ આપે છે

## ધર્મ વિચાર.

(જિન પૂજા).

(અંધાણ પાને ૧૨૪ થી.)

વળી આંગીને દિવસે જિનબીંબના ઘણા સમીપ ભાગને વિષે દિપકોનો સમુહ ઘણો વધારી મુકીને તે બાબત એટલું પણ વિચારતા નથી કે આટલા બધા દિપકની એક સમુહી ઉષ્ણતા કરવી તે વિવેકની હદ બાહાર છે. અગ્ર પુજા કરતા અક્ષત શુદ્ધ છે કે અશુદ્ધ, આટકેલા છે આટકયા શિવાયના છે, જિવા કુળ છે કે જિવ રહીત સંશોધન કરેલા છે, તે પણ જોતા નથી અને કદિ તે જાવે છે તો સ્વસ્તિક નંદાવર્ત કે અષ્ટમંગળિક કેવી રીતે થાય છે તેનું જ્ઞાન પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોતું નથી. ફળપૂજા કરતી વખતે ફળ તુચ્છછે કે શ્રેષ્ઠ છે, નિર્જીવ છે કે જીવ વ્યાપ્ત થયેલું છે, ભગવંત સમીપે ધરી શકાય તેવુંછે કે નથી તેનો પણ વિચાર કરતા નથી. નૈવેદ્ય પૂજામાં નૈવેદ્ય કેવું શુદ્ધમાતુ હોવું જોઇએ અને તેમાં કેવી સ્વાદિષ્ટતા હોવી જોઇએ તેનો વિચાર ન કરતા ક્યાંતો નૈવેદ્ય ધરવાની જરૂરીઆતનું ભાનજ રાખતા નથી અને કદી રાખેછે તો જેવું તેવું શુદ્ધા શુદ્ધ ધરીને ઉલટા હાંસી પાત્ર થાયછે. ભાવપૂજા કોને કહેછે તેની તો ખબરજ હોતી નથી. ભગવંતને ચાંમર ઢાળતા કવી રીતે ચાંમર ઉલાળવો તેનો પણ વિવેક હોતો નથી. ભગવંતની જળ ચંદન અને પુષ્પ વિગેરેની પુજા કરતા જિન મહારાજાની પૂર્વાવસ્થા ભાવન કરવાનું તો પ્રતિપાદન કરી જાણતા નથી. નવકારવાળી ગણવા બેસેછે તો તેમાં કેટલા પારા હોવા જોઇએ, નવકારવાળી શેની હોવી જોઇએ, નવકારવાળી ગણવાથી શું પુન્ય બંધેછે અથવા તો એક ઘણીજ સાધારણ બાબત જે કે દરેક નવકારવાળી હાથમાં લેનાર શ્રાવકે જાણવી જોઇએ તે નવકારવાળી કઇ આંગળીએ કરી ગણવી તેનું પણ જ્ઞાન હોતું નથી. હું જોઉંછું તો કોઇ કેમ ગણેછે અને કોઈ કેમ ગણે છે. અને તેથીજ ખરી રીત શુંછે તે શોધી કાઢવાને મુદ્દલ અનુકુળ થતું નથી તેમજ એક નવકારવાળી પુરી ગણી રહ્યા પછી બીજી ગણવી હોય તો કેવી રીતે શરૂ કરવી તેમાં પણ ઘણો ફેરફાર દ્રષ્ટિએ પડે છે. ચૈત્યવંદન કરવાની વિધિમાં કેવી મુદ્રા ધારણ કરીને બેસવું, કેવી રીતે ખમા સમણ દેવા, ચૈત્યવંદન સ્તવન અને જયવિયરાય કઈ મુદ્રાએ કહેવા, ક્યારે ઉભા થવું અને કઇ મુદ્રાએ ઉભા રહીને કાઉસગ્ગ કરવો તે પણ જાણતા હોય તેવું જણાતું નથી. કારણકે કોઇ ડાબો પગ ઉંચો કરીને બેસે છે તો કોઇ જમણો કરીને બેસેછે આવી રીતે ઘણી બાબતોમાં એક બીજાથી તદન વિરોધી ફેરફાર હોવાને લીધે આપણા જૈનોમાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધુઓનું પ્રત્યક્ષ રીતે અજ્ઞાનપણું દ્રષ્ટીગોચર થાયછે. જેમાંની કેટલી એક બાબતો તો એક સામાન્ય બુદ્ધિવાળો અને મારી સરખા અલ્પ પરિચય વાળો શ્રાવક પણ વિરૂદ્ધ અને વિવેકથી રહીત છે એમ કહી શકે આ બાબતોમાં કેટલાએક તો પોતે જાણતા છતાં વિરૂધ્ધ વર્તતા હોવા જોઇએ. વળી પુજા કરવાના વિચારથી પુન્યબંધ ક-રવા માટે આવનારા ભાઇઓ આશાતના અને અનાશાતનાનો વિ-ચાર ન કરવાથી લાભને બદલે ઉલટો ટોટો કરી જતા હોય એવું દ્રષ્ટીએ પડેછે, માટે હે સુજ્ઞ બંધુ તે બાબત કેવી રીતે કરવાનુંછે એમ તમે જણાવશો તો તેથી શુદ્ધ માર્ગ ગવેષ ઘણા ભવ્ય પ્રા-ણીઓ પોતે ગ્રહણ કરેલી વિરૂધ્ધ વર્તણુકને તજી દઇને તથા ચા-લતી આવેલી ગેરવ્યાજબી રૂઢીનો ત્યાગ કરીને ખરા માર્ગ ઉપર ચાલવાને ઉદ્યમ કરશે.

જ્ઞાનચંદ્ર—હે બંધુ! તારી આવી નિમળ મતિ અને સત્યા સત્ય પરીક્ષક બુદ્ધિ જોઇને હું ઘણો આનંદ પામ્યોછું. તમે બતા-વેલા દોષોનો ઘણો ભાગ ખરેખર દોષિત છે. પણ મારે તેનું વિ-વેચન કરવાની વિશેષ અગત્ય ન હોવાથી હું તો ફકત કેવી રીતે શુદ્ધ માર્ગછે તેજ બતાવવાની ઇચ્છા ધરાવુંછું.

વિનયચંદ્ર—પ્રિય બંધુ! આપને તેજ કહેવું ઘટે છે. કોઇના દોષનું ઉઘાડ ન કરવું તે સજ્જનોનું લક્ષણ નથી. ૧

જ્ઞાનચંદ્ર—પ્રારંભમાં શરીર શુદ્ધિ નિમિત્તે કેવી રીતે નહાવું જોઇએ તે બતાવુંછું. જે જે શેહેરોમાં શ્રાવક સમુહની વસ્તીવાળા ભાગમાં મધ્યસ્થ ભાગે જિન મંદીર હોયછે ત્યાં તો પોતાને ઘરેથીજ શુદ્ધ, જિવ રહિત અને કાંકરા કે વેળુવાળી જમીન ઉપર જરૂર જેટલા ઉષ્ન પાણીથી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પરિધાન કરી, પાદ પ્ર-ક્ષાલનાર્થે જળ પાત્ર સાથે લઇ જિન મંદિરે જવું તે અત્યુત્તમ માર્ગ

૧ કોઇનું નામ લઇને દોષ કહેવા તેનું નામ દુર્જનપણું છે, પરંતુ સર્વ સામાન્ય વાત કહેવી તેમાં કાંઇ દુર્જનપણું ગણાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પરંતુ જ્યાં પોતાના ઘરથી જિન મંદિર વધારે દૂર હોય ત્યાં તેમ કરવું તે લોક વિરૂદ્ધ અને શરીરને અપવિત્ર થવાના સંભવવાળું છે. કારણ કે મોટે અને લાંબે માર્ગે જતાં અશુચિનો તેમજ વ્યવહારીક નિતીને અનુસરતાં અલ્પ સ્પર્શ પણ ન કરવા લાયક શુદ્ર જનોના સંસર્ગનો સભવ છે. જ્યારે તેમ હોય ત્યારે જિન મંદીરે જઇને પછી સ્નાન કરવું તે યોગ્યછે. જિનપૂજા નિમિત્તે જતી વખતે રાજા, પ્રધાન, સેનાપતિ કે શેઠ શાહુકારોએ પોતપોતાની રિદ્ધિ સમેત પરીજનોના સમુહે યુક્ત અને પોતાના વૈભવને છાજતા આડંબર સાથે જવું જોઇએ, કારણ કે તેવી રીતે જવાથી ઘણા અન્ય દર્શનીઓ જિન માર્ગની પ્રશંશા કરે છે. એટલુંજ નહીં પણ કેટલાક ભવ્ય જીવો તો મિથાત્વ માર્ગનો ત્યાગ કરી જૈન માર્ગની સન્મુખ થઈ જાય છે. અને તેના પુન્ય બંધના કારણીક તે સામ્રાજ્ય વાળાઓ થાય છે.

એવી રીતે જિન મંદીર પાસે જઈ ગૃહ વ્યાપારના ત્યાગ રૂપ નિસિહી અગ્રદ્વારે કહીને અંદર પ્રવેશ કરે. પ્રવેશ કરીને પહેરેલાં વસ્ત્રો ઊતારી નહાતી વખત પહેરવાને નિર્માણ કરેલું શુદ્ધ વસ્ત્ર પહેરે.[1] પહેરીને નહાવાને સ્થળે જઈ, શુદ્ધ જગ્યા દ્રષ્ટીગત કરી. ત્રીજા ગડી આવેલા જીવોની જતના કરી શુદ્ધ નિર્મળ અને જરૂર જેટલા ઉષ્ણ પાણીથી સ્નાન કરે.[2] સ્નાન કરી રહ્યા પછી શરીરને જળ રહિત કરવા માટે શુદ્ધ વસ્ત્રથી[3] શરીર લુછી ઉનની કામળી પહેરે. અને ત્યારપછી પોતે પહેરવા માટે રાખેલા ચૂર્ણવાન વસ્ત્ર ધારણ કરે.

૧ કેટલાએક આગ્મો દિવસ તેમજ રાત્રે પહેરેલા અને જે વસ્ત્ર પહેરી લઘુ નિતી તથા વડી નિતી કરેલી હોય તેવા વસ્ત્ર પહેરી નહાવાને તે નિષેધ છે.

૨ સ્નાન કરવા માટે ઉષ્ણજળ હોવું જોઇએ એમ કેટલાએક ગ્રંથકારે કહેલું છે.

૩ મલીન વસ્ત્રથી તેમજ જે વસ્ત્ર નહાવામાં વાપરેલું હોયછે તે વસ્ત્ર નીચાવી તેનાથી શરીર લુવું તે શરીરને અશુદ્ધ કરવાનું સાધન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા તો સંઘ તરફથી સંચય કરી રાખેલા ઉજવળ વસ્ત્ર પહેરે. ત્યારપછી જિનાજ્ઞા ધારણ કરવારૂપ લલાટે તીલક કરી, જિન વચનને વદનદ્વારે પ્રવેશ કરાવી કંઠે ધારણ કરવારૂપ કંઠે તીલક કરી, હૃદયે ધારણ કરવારૂપ હૃદયે તીલક કરી, સર્વ ગુણ ગણનું સ્થાનક અને ગુણને ગ્રહણ કરનાર ઉદરના અધો ભાગે જિન વચનને સ્થાપિ કરવા રૂપ તીલક કરી [૪]પૂજાના ઉપગરણો મેળવે.

વિનયચંદ્ર—અષ્ટ પ્રકારી પૂજા કરનારને અવશ્ય શું શું ઉપગરણો રાખવા જોઇએ?

જ્ઞાનચંદ્ર—કળસ, રકાબી, વાટકીઓ, પુષ્પચંગેરી, ધુપધાણું, આરતી મંગળદીપક, ધુપ કપુર અને ઘૃત રાખવાના પાત્ર, અક્ષત, ફળ અને નૈવેદ્ય રાખવાના વાટવા વીગેરે ઉપગરણો અંદર રાખવાની વસ્તુ એ ભરપુર, સુશોભીત અને સુદરાકાર જોઇએ. એ પ્રમાણે ઉપગરણો મેળવી ગુલાબ, ડમરો, જાઇ, જુઇ, સેવંતરી, મરૂઓ, લદાઉદી, ચંપો અને મોગરો વિગરે વિવિધ જાતીના વિવિધ વર્ણના પુષ્પો લઇ તેને શુદ્ધ જળે સીંચી ચોખ્ખાં કરી, ચંદન કેશર અને બરાસ વટાવી તેની વાટકીઓ ભરી પંચામૃતે સંયુકત જળ કળશ હસ્તમાં લઇ પ્રથમ અંગ પૂજા કરવા નિમિત્તે ગભારાની અંદર જિન બીંબના સમીપ ભાગમાં ગમન કરે.

વિનયચંદ્ર—પંચામૃતમાં શું શું વસ્તુ જોઇએ?

જ્ઞાનચંદ્ર—જળ, દુધ, દહીં, ઘૃત અને શર્કરાં એ પંચ વસ્તુ એકત્ર કરવાથી પંચામૃત થાયછે તેમાં દુધનો અને જળનો ભાગ વધારે જોઇએ, કેશર અને પુષ્પ ફકત શોભા નિમીત્તે નાખવાના છે. તીર્થજળ, ગંગાજળ તેમજ ગુલાબજળ અને તીર્થ સ્થાનકોની મૃતિકા પણ વિશેષ સ્નાત્રાવસરે નાખવામાં આવેછે. અપૂર્ણ.

---

૪ પોતાના શરીર ઉપર એ પ્રમાણે ચાર તીલકોજ કરવાના છે, વધારે કરેછે તે શાસ્ત્રોકત રીતિને અનુસરીને નથી.

For Private And Personal Use Only

# समकित.

## (આરામનંદનની કથા.)

(સાંધણ પાને ૧૨૦ થી)

રાજ્યસભામાં જઈ બીજા વાણીકોએ પોતે જે માલ લાવ્યા હતા તે માંહેની સુંદર વસ્તુનું રાજાને ભેટણ કર્યું ત્યારે આરામનંદને પણ એક ટોપલીમાં છાણા ભરી તે ઊપર રૂમાલ ઢાંકી ભેટ કર્યા. જ્યારે રાજાએ ટોપલી ઊપરથી રૂમાલ કાઢી નંખાવ્યો ત્યારે અંદર છાણા ભરેલા જોઇને સભાના મૂર્ખ માણસોની તથા મદે કરીને ઊન્મત્ત થયેલ વાણીકોની જેમ હસી ન કાઢતાં આરામનંદન બુદ્ધિશાળી છે તેથી આ કૃત્ય એણે સમજીનેજ કર્યું હશે એમ વિચારી તે ગુપ્ત આશયનો ખુલાસો કરવા આરામનંદનને ફરમાવ્યું. નૃપતિની આજ્ઞા થતાંજ આરામનંદને તે છાણામાંથી કેટલાએક ભાંગ્યા અને તેમાંથી સુશોભિત અને અમુલ્ય રત્નો નીકળ્યા તે રાજાના હસ્તમાં આપીને, મારી પાસે આવો ઘણો માલછે તે જોવાને આપ સમુદ્ર કિનારે વહાણ ઊપર પધારશો એવી વિનંતી કરી. લક્ષ્મીધર રાજા આવા અલૌકિક રત્નો જોઇને આનંદાશ્ચર્ય પામ્યા અને કુંવરની વિનંતી સ્વીકારી તરતાજ વહાણ ઊપર બધો માલ જોવા ગયા. સાગરશેઠને પણ જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ પણ સત્વર બંદર ઊપર આવ્યા ત્યાં રાજા અને સાગરશેઠ એ બંનેના દેખતાં કેટલાએક છાંણા કુંવરે ભાંગ્યા અને તેમાંના રત્નો તથા બાકીના છાંણા અને વહાણનો સઘળો માલ સાગરશેઠને ઘેર લાઇજવા વિનંતી કરી. કુંવરનું આવું ઔદાર્ય જોઇને રાજા અત્યંત આનંદ પામ્યા અને વાણીકો જે રસ્તામાં કુંવરની મશ્કરી કરતા હતા અને જેઓએ સમુદ્રમાં છાંણા લઇને કુંવરને ચીઠી લખી આપી હતી તેઓ અત્યંત

ગભરાવા લાગ્યા કે આપણા વહાણોનો સઘળો સામાન વેચતાં પણ આવા રત્ને કરીને સંયુક્ત છાંણા આપણે આપી શકવાના નથી. રાજા તો આની પક્ષમાં છે અને તેથી આપણી દુર્દશા થશે માટે હવે આપણે કેમ કરવું તથા એની પાસે માફી શી રીતે માગવી એવો વિચાર સઘળા વહાણ વાળાઓ એકત્ર થઇને કરવા લાગ્યા અંતે સઉએ એવો નિશ્ચય કર્યો કે આપણે વહાણમાંથી કાંઈ પણ માલ ન ઊતારતા તે સઘળા કુંવરને આપવો અને જીવતદાન માગી લેવું; કેમકે આપણાથી એની પાસેથી જેટલાં છાંણા અમુલ્ય રત્ને કરીને સંયુક્ત લીધાંછે તેનુ મુલ્ય આપી શકાય તેમ નથી.

જેઓના વદનકમળ નિસ્તેજ થઇ ગયાછે, જેઓ પૂર્વે કરેલા અપરાધથી તથા તેનાથી ભવિષ્યમાં શું થશે એવા ભયથી કંપી રહ્યા છે એવા તેની સાથે આવેલા વહાણ વાળાઓએ નજીક આવીને ઉપર પ્રમાણે વિનતી કરી. જેના હૃદયને વિષે દયા સ્થાપન થયેલી છે એવા તે આરામનંદને તેમની સમક્ષ પ્રથમ લખી આપેલી ચીઠીઓ ફાડી નાખી ને તેઓએ કરેલા અપરાધની ક્ષમા કરી તેઓના વહાણમાંથી માલ લઈ જવાની તેઓને આજ્ઞા કરી. આ પ્રમાણે વણીક ઉપર કુંવરે અપકારને બદલે ઉપકાર કર્યો તેથી તેની કીર્તિનું ગાન કરતાં પોતપોતાના ગૃહ પ્રત્યે ગયા. ભુપતિ પણ પોતાને મહેલ પધાર્યો અને કુંવર સાગરશેઠને ઘેર સઘળો માલ ઉતારી તેમની અનુમતિથી સાત ક્ષેત્રે દ્રવ્યનો વ્યય કરવા લાગ્યો. કહ્યુંછેકે

दानंभोगोनाशस्तु, त्रीगतयोभवन्तिवित्तस्य:
योनददातिनभुंक्ते तस्यतृतीयागतिर्भवाति.

આ પ્રમાણે વિચારી કુંવરે પ્રાપ્ત કરેલા દ્રવ્યમાંથી જિનાલય,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામી વૈત્સળ, સાધુજનસેવા, યાચકોને યથોચિત દાન વિગેરે સાતે ક્ષેત્રે નામ કરવાને નહીં પરંતુ પરમાર્થને સારૂ ધન વાવરવા માંડ્યું. આવી રીતે દ્રવ્યનો લાભ લેતો કુંવર ત્યાં કેટલાએક દિવસ રહ્યો.

અન્યદા જે સમયે અંધકારથી જગતનો રંગ શ્યામ થઇ ગયો હતો, ઘુવડો આમ તેમ શિકારની શોધમાં ઘુઘુ શબ્દ કરીને રખડતા હતા, શીઆળીઆ ચોતરફ બૂમો પાડતા હતા, મહોલે મહોલે કૂતરાઓ ભસતા હતા ચોરો જ્યાં ત્યાં સ્વેચ્છાએ ફરતા હતા. એવા મધ્ય રાત્રી સમયે જાણે પોતાના વિરહથી પોતાની પ્રિયા પદ્માવતી અગ્નિમાં પ્રવેશ કરેછે એવો ભયંકર દેખાવ કુંવરે સ્વપ્નમાં જોયો. આ દેખાવથી તે એટલો બધો ગભરાઇગયો હતો કે જાગૃતાવસ્થા પ્રાપ્ત થયા પછી પણ તેને લેશ માત્ર ચેન પડ્યું નહીં. વારંવાર પોતાની પ્રિયા પદ્માવતિનું સ્મરણ થવા લાગ્યું. તેણીએ લેવા મોકલેલો કંચુક અદ્યાપિ પર્યંત ન મળ્યો અને આટલા દિવસ નકામા ગયા તેથી પોતે સ્વપ્નમાં જોયેલો પ્રકાર ત્યાં બન્યો હશે એવા વિચારથી અત્યંત દુઃખ પામવા લાગ્યો. છેવટે આવા ગભરાટમાં ને ગભરાટમાં આરામનંદનને એમ લાગ્યું કે સ્વપ્નમાં જોયા પ્રમાણે મારી પ્રિયા પદ્માવતીએ મારે સારૂ નિશ્ચય પ્રાણ ત્યાગ કર્યો અને તેની હત્યા મારે શીર બેઠી. હવે તેણીના વિયોગનું દુઃખ સહન કરવું તે કરતાં કોઇ પર્વતની ગુફામાં જઇ અરિહંત ભગવાનનું શરણ કરી, અણસણ વ્રત ગ્રહણ કરી, પ્રાણ ત્યાગ કરવો એજ શ્રેય છે. એ પ્રમાણે વિચાર કરતો હતો એટલામાં પ્રાતઃકાળ થયો. પછી આરામનંદને કોઇ નિમિત્ત બતાવી સાગરશેઠ પાસેથી રજા લીધી અને ત્યાંથી એકાકી નીકળ્યો. રસ્તે ગમન કરતા એક પર્વતની સમીપે આવી પહોંચ્યો. અદ્યાપી પર્યંત તેના ચિત્તની અંદરથી પદ્માવતી સંબંધી વિચાર ગયો નહોતો તેથી જાણે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઇ હોયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ હર્ષભેર પર્વત ઉપર ચડવા લાગ્યો. ચઢતાં ચઢતાં અર્ધ માર્ગે એક મંત્ર સાધનાર યોગી મળ્યો. યોગીને એક ઉત્તરસાધક સાહસિક પુરૂષની જરૂર હોવાથી તેની શોધ કરવાના પ્રારંભમાંજ આ ભાગ્યવંત કુંવર દ્રષ્ટીએ પડવાથી તેની પ્રત્યે કહેવા લાગ્યો—"હે મહાભાગ ! જેમ અરથીને કલ્પ વૃક્ષ મળે તેમ આજે મને તમારૂ દર્શન થયુંછે. હું ઘણા દિવસથી અત્રે સુવર્ણ પુરીષ સાધવાનો યત્ન કરૂંછું પરંતુ એક હુશીઆર ઉત્તર સાધક શિવાય તે કાર્ય સિદ્ધ થયુ નથી. તેથી જો આપ કૃપા કરી મારા ઉત્તર સાધક થશો તો હું ધારૂ છું કે આજ મારો મનોરથ પુર્ણ થશે." આ પ્રમાણે કહીને કુંવર તરફથી શું પ્રત્યુત્તર મળેછે તેની રાહ જોતો યોગી ઉભો રહ્યો. કુંવરે વિચાર કર્યો કે હું તો અણસણ વ્રત ગ્રહણ કરીને પ્રાણ ત્યાગ કરવા આવ્યોછું તેમ છતાં આ અચાનક પરોપકાર કરવાનો વખત મળ્યો છે તો તે જવા દેવો એ ઉચિત કાર્ય નથી. કારણ કે પરોપકારી પુરૂષો પરમારથના કાયમાં સ્વાર્પણ કરવામાં પણ આંચકો ખાતા નથી. માટે આ યોગીનું વચન માન્ય કરવું એ યુકતછે. એમ વિચારી યોગી પ્રત્યે પોતાની અનુમતિ જણાવી. યોગીએ પણ રાત્રી સમય થઇ જવાથી તરતજ અગ્નિ પ્રજ્વલિત કર્યો અને "ભૂત, વૈતાળ તથા રાક્ષસાદિકથી મારૂં રક્ષણ કરજો" એમ કુંવરને ભલામણ કરી મંત્ર સાધન શરૂ કર્યું. જેમ યોગી એક ધ્યાને મંત્ર સાધનામાં તથા હોમ કરવામાં ગુંથાએલ હતો તેમ કુંવર પણ સ્વહસ્તમાં નગ્ન ખડ્ગ લેઇ એક ચિત્તથી સ્વસ્થપણે ચોકી કરતો હતો.

અનુક્રમે મધ્યરાત્રી થવા આવી અને યોગીનો હોમ પણ સમાપ્ત થવા આવ્યો એટલામાં અચાનક સમીપના ભાગમાં મોટો ભડકો થઇ એક ભયંકર વૈતાળ યોગીની મંત્ર સાધનામાં ભંગ કરવા પ્રગટ થયો. વૈતાળના મોટા કદથી તથા વિક્રાળ સ્વરૂપથી ન ડરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંવરે તેની સન્મુખ થઇ તેને યોગીની સમીપે જતાં અટકાવ્યો. વૈતાળે પણ આવી રીતે અડચણ કરનાર ઉપર એકદમ ઘસારો કર્યો અને નજીક આવ્યો એટલે બંનેનું દ્વંદ્વ યુદ્ધ થવા લાગ્યું. અંતે આરામનંદને વૈતાળને કેશ પકડી નીચે પટક્યો. કુંવરનું અત્યંત સાહસિક પણું જોઇને તેની સાથે વધારે યુદ્ધ ન કરતાં વૈતાળ તેને વશ થયો અને બોલ્યો કે "હે આરામનંદન! તારૂં ધૈર્ય તથા પરોપકાર બુદ્ધિને જોઇને હું પ્રસન્ન થયોછું તેથી તું ઇચ્છિત વર માગ!" આરામનંદને તેને વિનયપૂર્વક કહ્યું કે જો તમે મારા ઉપર ખરેખરી રીતે પ્રસન્ન થયાછો તો હું જ્યારે આપનું સ્મરણ કરૂં ત્યારે સ્વયમેવ આવી મારૂં કામ કરવા કબુલ થાઓ. વૈતાળ "તથાસ્તુ" કહીને અદ્રશ્ય થયો.

યોગીનો જાપપૂર્ણ થયો અને તેથી મંત્રાધિષ્ઠાયિકા દેવિ પ્રગટ થઇને કહેવા લાગી કે "હે યોગી હું તારા ઉપર પ્રસન્ન થઇછું તેથી તું જે કહે તે કરવા તૈયારછું. યોગીએ કહ્યું "જે પુરૂષ આ અગ્નિકુંડમાં પડે તેને સુવર્ણમય કરજે," દેવી "તથાસ્તુ" કહી અંતરધ્યાન થઇ. તરતજ યોગીએ કુંવરને બોલાવ્યો અને તેના કંઠને વિષે કણેરના ફુલની માળા આરોપણ કરી અને અંજળી છાંટીને કહ્યું કે "હવે આ અગ્નિકુંડની પ્રદક્ષિણા કરવાં મારી રક્ષા કરો." કુંવરે ઉત્તર સાધકપણુ કબુલ કરેલું હોવાથી આ વાત પણ સ્વીકારી અને નવકાર મંત્રનું સ્મરણ કરી કુંડની પ્રદક્ષિણા કરવા માંડી. જેવો કુંવર ત્રીજી પ્રદક્ષિણા ફરી રહ્યો તેવોજ તે યોગીએ તેને ઉચકીને કુંડમાં નાંખવા માંડ્યો.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શાંત રસ.

### (ભુજંગી છંદ.)

કરૂં વીનતી વાંચિને ભવ્ય લોકો,
થતા સંકટો દૂરને દૂર રોકો;
અરે ધર્મના મર્મનો લાભ લેવા,
કહો કેમ થૈને રહ્યા રાંક જેવા. ૧
અહો એહ સંસાર અંભોધિ[1] માંહી
રહ્યાછે ઉઠી ચંડ[2] તોફાન જ્યાંહી;
તહાં ધર્મ નાવા વિના જીવ સાથે,
કહો કોણ વીમો લહી જાય માથે. ૨
અહો મોહરાજે ચડી જીવ કેરા,
ખજાના લુટીને કર્યાં ખાલિ ડેરા!
હવે તો ફુરા છેક થૈ મોહ કેરા,
ઊપાડો જડા મૂળથી સર્વ ડેરા. ૩
નહીં તો સહુ ધારણા ધુળ ધાણી,
તમારી થશે જ્યું પૃથા શ્વાન વાણી;
જુઓને જુઓને જુઓને જુઓને,
કરીને રહ્યો કાળ હાંસી તમોને. ૪
કહો ક્યાં ગયા ભોગી ષટ્ ખંડ કેરા,
સદા જે રહ્યા'તા રિપુ ઘાલી ઘેરા;
સહુ કાળ ચક્રે કરીને હણાયા,
નિમાસિ હવેતો લહો ધર્મ છાંયા. ૫
અહો ચક્રિ સંભમ કૌણીક કેવા,
જુઓ કાળ આગે થયા રાંક જેવા;
તમે તેહથી તો નથી શકિત વાળા,

---

૧ સમુદ્ર. ૨ ભયંકર. ૩ વહાણ.

For Private And Personal Use Only

હવે તો જરા ખોલ દો ગાં તાળા. ૬
અહો શ્વાન જ્યું હાડને ચાવિ ચાવી,
મચીને રહે ¹અન્નનો સ્વાદ લાગી;
અહો પ્રાણિ કર્યું તેમ સંસાર માંહી,
રહ્યો લુબ્ધ થૈ લોભમાંહી ઉછાંહી. ૭
જુઓ નાનિ મુશાફરીમાં જવાને,
લહી અન્નને જાઓ સુખી થવાને;
હવે તો જવા મોટી મુસાફરીએ,
વિના ધર્મ ²પાથેય કર્યું ત્યાં રહીએ. ૮
સજો સર્વ જંતુ થકી નમ્રતાઇ,
તજો વૈર વિરોધતા ચિત્ત માંહી;
જરા બોલનો તોલ માની અમારો,
રસ શાંતમાંહિ કરીને વધારો. ૯

**ખુશી ખબર**—લખવાને ઘણી ખુશી ઉત્પન્ન થાયછે કે ગયા કાર્ત્તિક શુદી ૫ ને દિવસે શ્રી સુરતમાં અમારી સભાની એક શાખાનું સ્થાપન મી. ચુનીલાલ છગનચંદ તથા ડાહ્યાભાઈ સરૂપચંદના પ્રશંસનિય પ્રયાસથી ઘણા ઉત્સાહ અને હર્ષ ભેર થયેલું છે. એ સભાના પ્રમુખ ભાઈ સુરચંદ નાનાભાઈ ઓનરરી પ્રમુખ મોતીચંદ મલુકચંદ મંત્રી ચુનીલાલ છગનચંદ તથા ડાહ્યાભાઈ સરૂપચંદ અને ખજાનચી મોતીલાલ રતનચંદ, એ પ્રમાણે નીમણુંક કરવામાં આવીછે. આજ-દીન પર્યંત બાર સભાસદો દાખલ થયાછે અને આગળ ઉપર વધારે થવાની આશા બંધાયછે. સ્થાપન કરનારની ઉત્કંઠા [illegible] પ્રયાસ તરફ દ્રષ્ટી કરતાં ધારી શકાયછે કે એ શાખા સારી કીર્તિ સંપાદન કરી દિવસાનુ દિવસ વૃદ્ધિ પામી અંતે [illegible] કરાવશે. તથાસ્તુ.

૧ કથીર. ૨ પંથ યોગ્ય ભોજન.